# ભારત સામે શ્રીલંકાની જુનિયર ટીમે 363 રન ફટકાર્યા

**અંતિમ** સેશનમાં સ્પિનરોએ વાપસી કરાવી

**પ્રથમ** ટેસ્ટ પહેલાં કોચ ગંભીર અને કેપ્ટન ગિલ માટે ચિંતાના સંકેતો

**ભારતીય** બોલિંગ આક્રમણ લયમાં નહીં, વોર્મ-અપ મેચમાં ખુલ્લી પડી ખામીઓ





કોલંબો, તા. 7 (પીટીઆઈ): ભારતીય બોલિંગ આક્રમણને પ્રથમ સેશનમાં શ્રીલંકાના યુવા બેટરોએ કડક પરીક્ષા લીધી હતી, પરંતુ દિવસના અંતિમ સેશનમાં કુલદીપ યાદવની આગેવાની હેઠળના સ્પિનરોએ શાનદાર વાપસી કરતાં ત્રણ દિવસીય વોર્મ-અપ મેચના પ્રથમ દિવસે ભારતે શ્રીલંકા-11ને પ્રથમ દાવમાં 8 વિકેટે 363 રન સુધી મર્યાદિત રાખ્યું.

આ મેચને ફર્સ્ટ-ક્લાસનો દરજ્જો નથી અને પ્રથમ બે દિવસે બંને ટીમો 90-90 ઓવર જ્યારે ત્રીજા દિવસે 45-45 ઓવર રમશે. જોકે દિવસના અંતે મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને પ્રેક્ટિસ દરમિયાન ઈજાગ્રસ્ત થતાં મેદાનની બહાર રહેલા કેપ્ટન શુભમન ગિલ માટે કેટલીક બાબતો ચિંતાજનક રહી હતી.

લાલ બોલથી પાંચ સપ્તાહ બાદ રમતા ભારતીય ફાસ્ટ બોલરો શરૂઆતમાં લયમાં દેખાયા ન હતા. મોહમ્મદ સિરાજ (13-0-44-0) અને પ્રસિદ્ધ કૃષ્ણા (8-0-32-0) પ્રભાવ પાડી શક્યા નહીં, જ્યારે ગુરનૂર બરારે (12-1-49-1) સૌથી અસરકારક દેખાવ કર્યો. ઓફ સ્પિનર સારાંશ જૈન (11-0-54-0) વિકેટ વિના રહ્યા, જ્યારે કુલદીપ (18-2-76-2), માનવ સુથાર (11-1-30-1) અને રવીન્દ્ર જાડેજાએ (15-2-64-2) વિકેટ મેળવી હોવા છતાં જાડેજા સંપૂર્ણ લયમાં દેખાયા ન હતો.

શ્રીલંકા તરફથી નિશાન ફર્નાન્ડોએ 65 બોલમાં 66 અને રવિંદુ રસાંથાએ 143 બોલમાં 71 રનની 110 રનની ઓપનિંગ ભાગીદારી નોંધાવી. બાદમાં રનઆઉટથી આ ભાગીદારી તૂટી હતી. ત્યારબાદ સોનલ દિનુષાએ 72 બોલમાં 52 રનની સંયમભરી ઈનિંગ્સ રમી હતી. તાજેતરમાં ટેસ્ટમાં 92 રન બનાવનારા દિનુષાએ રમેશ મેન્ડિસ (49 બોલમાં 32) સાથે સાતમી વિકેટ માટે 64 રનની ભાગીદારી કરી હતી.

અંતિમ સેશનમાં કુલદીપે પોતાની બોલિંગની ગતિમાં ફેરફાર કરીને મેચમાં ભારતની વાપસી કરાવી. તેણે અહાન વિક્રમસિંઘે અને અંજલા બંદારાની વિકેટ ઝડપી હતી. સુથારે રસાંથાને ફ્લાઈટમાં ફસાવી આઉટ કર્યો અને બીજા નવા બોલથી સેટ દિનુષાની મહત્વપૂર્ણ વિકેટ પણ ઝડપી હતી. જાડેજાએ પણ સ્ટમ્પને નિશાન બનાવતાં બે વિકેટ લીધી, પરંતુ તેમ છતાં તેઓ સંપૂર્ણ લયમાં જોવા મળ્યા નહોતા.

### હાથમાં ઈજા થતાં ગીલ બહાર બેસ્યો

કોલંબો, તા. 7 (પીટીઆઈ): શ્રીલંકા સામેની ત્રણ દિવસીય વોર્મ-અપ મેચના પ્રથમ દિવસે ભારતનો કેપ્ટન શુભમન ગીલ જમણા હાથની અનામિકા આંગળીમાં ઈજા થતાં મેદાનમાં ઉતર્યો ન હતો. ગુરુવારે પ્રેક્ટિસ દરમિયાન તેને આ ઈજા થઈ હતી. સાવચેતીના ભાગરૂપે બીસીસીઆઈની મેડિકલ ટીમ તેની સ્થિતિ પર સતત નજર રાખી રહી છે. ગીલની ગેરહાજરીમાં કે એલ રાહુલે ટીમની કમાન સંભાળી હતી.

# ભારત-શ્રીલંકા ટેસ્ટ શ્રેણીમાં દર્શકોને મળશે મફત પ્રવેશ

**ટેસ્ટ** ક્રિકેટને વધુ દર્શકો મળે તે માટે શ્રીલંકા ક્રિકેટની ખાસ પહેલ

**ભારત** સામેની બંને ટેસ્ટ મેચ માટે પ્રવેશ સંપૂર્ણ નિ:શુલ્ક રાખવાનો નિર્ણય



કોલંબો, તા. 7 (પીટીઆઈ): શ્રીલંકા ક્રિકેટ બોર્ડે ભારત સામેની આગામી બે ટેસ્ટ મેચોની શ્રેણી દરમિયાન ક્રિકેટપ્રેમીઓ માટે મોટી જાહેરાત કરી છે. 15 ઓગસ્ટથી શરૂ થનારી ભારત-શ્રીલંકા ટેસ્ટ શ્રેણીની બંને મેચમાં દર્શકોને મફત પ્રવેશ આપવામાં આવશે.

શ્રીલંકા ક્રિકેટે (SLC) જણાવ્યું કે આ નિર્ણય દ્વારા ક્રિકેટપ્રેમીઓને વિશ્વસ્તરીય ટેસ્ટ ક્રિકેટ નિ:શુલ્ક નિહાળવાની ઉત્તમ તક મળશે. પ્રથમ ટેસ્ટ 15 ઓગસ્ટથી ગોલ આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમમાં રમાશે, જ્યારે બીજી ટેસ્ટ 23થી 27 ઓગસ્ટ દરમિયાન કોલંબોના એસએસસી મેદાન પર યોજાશે.

શ્રીલંકા ક્રિકેટે દેશભરના ક્રિકેટપ્રેમીઓ, યુવા ખેલાડીઓ, પરિવારો અને રમતગમતના ચાહકોને આ પહેલનો લાભ લઈ ભારત અને શ્રીલંકા વચ્ચેની ટેસ્ટ શ્રેણીનો રોમાંચ માણવા અપીલ કરી છે.

શ્રીલંકામાં ટેસ્ટ ક્રિકેટને સામાન્ય રીતે બહુ ઓછા દર્શકો મળે છે અને ભૂતકાળમાં ભારતીય ટીમે પણ લગભગ ખાલી સ્ટેડિયમમાં મેચો રમી હતી. સમગ્ર ઉપખંડમાં પણ ટેસ્ટ ક્રિકેટમાં દર્શકોની હાજરી મર્યાદિત રહેતી જોવા મળે છે. જોકે કોલકાતા, ચેન્નઈ, મુંબઈ અને બેંગલુરુ જેવા ભારતના કેટલાક શહેરોમાં ટેસ્ટ ક્રિકેટને હજુ પણ સારો પ્રતિસાદ મળે છે.

# પ્રજ્ઞાનાનંદે સેન્ટ લુઈસ રેપિડ-બ્લિટ્ઝનો ખિતાબ જીત્યો

**પ્રજ્ઞાનાનંદા** એક રાઉન્ડ બાકી રહેતા જ ચેમ્પિયન બન્યો, ગ્રાન્ડ ચેસ ટૂરની રેન્કિંગમાં બીજા સ્થાને પહોંચ્યો

**આ પ્રજ્ઞાનાનંજાનો** પ્રથમ રેપિડ-બ્લિટ્ઝ ખિતાબ હવે નજર સિનક્વિફિલ્ડ કપ પર



સેંટ લુઈસ (અમેરિકા), તા. 7 (પીટીઆઈ): ભારતના ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનાનંદા અમેરિકાના સેન્ટ લુઈસમાં રમાયેલી સેન્ટ લુઈસ રેપિડ એન્ડ બ્લિટ્ઝ ચેસ ટુર્નામેન્ટનો ખિતાબ એક રાઉન્ડ બાકી રહેતા જ પોતાના નામે કર્યો. 20 વર્ષીય પ્રજ્ઞાનાનંદાનો આ પ્રથમ સેન્ટ લુઈસ રેપિડ એન્ડ બ્લિટ્ઝ ખિતાબ છે. પ્રજ્ઞાનાનંદાએ કુલ 23.5 પોઈન્ટ સાથે ટૂર્નામેન્ટમાં ટોચનું સ્થાન મેળવ્યું, જ્યારે ઉઝબેકિસ્તાનના જાવોખિર સિંદારોવ 22 પોઈન્ટ સાથે બીજા સ્થાને રહ્યો. અમેરિકાના વેસ્લી સોએ 20 પોઈન્ટ સાથે ત્રીજું સ્થાન મેળવ્યું. અંતિમ દિવસે પ્રજ્ઞાનાનંદે એક પણ મુકાબલો હાર્યો નહોતો. રેપિડ વિભાગમાં એક પોઈન્ટની સરસાઈ સાથે ટોચ પર રહેલા પ્રજ્ઞાનાનંદાએ બ્લિટ્ઝમાં માત્ર એક જ મેચ ગુમાવી અને 18માંથી 11.5 પોઈન્ટ મેળવી ખિતાબ પર કબજો જમાવ્યો. આ જીત સાથે ગ્રાન્ડ ચેસ ટૂર (GCT)ની એકંદર રેન્કિંગમાં પણ પ્રજ્ઞાનાનંદા બીજા સ્થાને પહોંચી ગયો છે, જેના કારણે વર્ષના અંતે યોજાનારી ગ્રાન્ડ ફિનાલેમાં તેની સ્થાન મેળવવાની શક્યતા મજબૂત બની છે.

હવે પ્રજ્ઞાનાનંદા 10થી 19 ઓગસ્ટ દરમિયાન યોજાનારી ક્લાસિકલ ફોર્મેટની સિનક્વિફિલ્ડ કપમાં રમશે. ફ્રાન્સના એલિરેઝા ફિરોઝજાએ ટૂરમાંથી નામ પાછું ખેંચતાં તેના પોઈન્ટ રદ કરવામાં આવ્યા હોવાથી પણ પ્રજ્ઞાનાનંદાને રેન્કિંગમાં લાભ મળ્યો છે. પ્રજ્ઞાનાનંદાએ જીત બાદ ખુશી વ્યક્ત કરતાં કહ્યું કે આ તેની પ્રથમ મોટી રેપિડ-બ્લિટ્ઝ સિદ્ધિ છે અને હવે સિનક્વિફિલ્ડ કપમાં પણ સારું પ્રદર્શન કરવાનો પ્રયાસ રહેશે.

# કોમનવેલ્થ ગોલ્ડ પાછળ કોહલીનો પણ મહત્વનો ફાળો: સાક્ષી

**સાક્ષીએ** તેની સફળતાની સફરમાં કોહલીના સહકારનો ખુલાસો કર્યો

**કોહલીએ** સ્પોન્સર ઉપરાંત માનસિક રીતે પણ સતત પ્રોત્સાહન આપ્યું



નવી દિલ્હી, તા. 7: ભારત માટે કોમનવેલ્થ ગેમ્સ 2026માં મહિલા 51 કિગ્રા બોક્સિંગમાં ગોલ્ડ મેડલ જીતનારી સાક્ષી ચૌધરીએ પોતાની સફળતામાં સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલીના મહત્વના યોગદાનનો ખુલાસો કર્યો છે. ભારત પરત ફર્યા બાદ હરિયાણાના ભિવાનીમાં મીડિયા સાથે વાત કરતાં સાક્ષીએ જણાવ્યું કે કોહલીએ તેની સફળતાની આ સફરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, તેણે વિરાટનો આભાર પણ માન્યો હતો.

સાક્ષીએ કહ્યું કે તેણે બોક્સિંગની શરૂઆત ઓલિમ્પિક મેડલ વિજેતા વિજેન્દર સિંહથી પ્રેરાઈને કરી હતી. વિરાટે મને સાથ આપ્યો અને તેઓ માત્ર તેના સ્પોન્સર જ નહોતા, પરંતુ તેમણે મુશ્કેલ સમયમાં સતત માનસિક પ્રોત્સાહન પણ આપ્યું હતું.

વિરાટે તેને હંમેશા દબાણથી દૂર રહી માત્ર પોતાના પ્રદર્શન પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપી હતી. સાક્ષીએ આ માટે કોહલીનો ખાસ આભાર વ્યક્ત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે ગ્લાસગોમાં રમાયેલી કોમનવેલ્થ ગેમ્સની મહિલા 51 કિગ્રા ફાઈનલમાં સાક્ષીએ ઈંગ્લેન્ડની રૂબી વ્હાઈટને 5-0થી હરાવી કારકિર્દીનો પ્રથમ કોમનવેલ્થ ગેમ્સ ગોલ્ડ મેડલ જીત્યો હતો. 2022ની કોમનવેલ્થ ગેમ્સમાં ઈજાના કારણે તે ભાગ લઈ શકી નહોતી. ત્યારબાદ 2025માં તેણે 54 કિગ્રા વર્ગમાં વર્લ્ડ બોક્સિંગ કપમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ વર્ષે સાક્ષીએ જોખમ ઉઠાવી 54 કિગ્રાથી 51 કિગ્રા વજન વર્ગમાં રમવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણય સફળ સાબિત થયો અને તેણે શાનદાર પ્રદર્શન સાથે કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતીને ભારતનું ગૌરવ વધાર્યું.

# કોરિયા માસ્ટર્સ: અશ્મિતા-રક્ષિતા સેમિફાઈનલમાં

**અશ્મિતાએ** ટોચની સીડ ધરાવતી જાપાનની હિના અકેચીને હરાવી સર્જ્યો મોટો અપસેટ

**બંને** ભારતીય ખેલાડી સેમિફાઈનલમાં સામસામે ટકરાશે, ફાઇનલમાં ભારતનું સ્થાન નિશ્ચિત





અસાન (દ. કોરિયા), તા. 7 (પીટીઆઈ): ભારતની અશ્મિતા ચાલિહા અને રક્ષિતા રામરાજે દક્ષિણ કોરિયાના આસાનમાં રમાઈ રહેલી 2.5 લાખ ડોલરની કોરિયા માસ્ટર્સ સુપર-300 બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં ક્વાર્ટર ફાઈનલ જીતતાં મહિલા સિંગલ્સની સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે. હવે બંને ભારતીય ખેલાડીઓ ફાઈનલમાં સ્થાન માટે આમને-સામને ટકરાશે, જેના કારણે ભારતની એક ખેલાડીનું ફાઈનલમાં સ્થાન નિશ્ચિત થયું છે.

વિશ્વ ક્રમાંક 50 અશ્મિતાએ ટૂર્નામેન્ટનો સૌથી મોટો અપસેટ સર્જતાં ટોચની સીડ અને વિશ્વ ક્રમાંક 22 જાપાનની હિના અકેચીને 20-22, 21-15, 21-19થી હરાવી હતી. ગયા વર્ષે મલેશિયા સુપર 100માં મળેલી હારનો પણ અશ્મિતાએ આ સાથે બદલો લીધો. પ્રથમ ગેમ ગુમાવ્યા બાદ અશ્મિતાએ શાનદાર વાપસી કરી હતી.

નિર્ણાયક ગેમમાં 18-11ની સરસાઈ મેળવ્યા પછી હિનાએ સતત છ પોઈન્ટ જીતી મેચમાં રોમાંચ જગાવ્યો હતો, પરંતુ અશ્મિતાએ દબાણમાં ધીરજ રાખીને યાદગાર જીત નોંધાવી હતી.

બીજી તરફ રક્ષિતાએ ત્રીજી સીડ અને સાથી ભારતીય તન્વી શર્માને 18-21, 21-19, 21-18થી હરાવી સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. પ્રથમ ગેમ હાર્યા બાદ રક્ષિતાએ જોરદાર કમબેક કર્યું અને નિર્ણાયક ગેમમાં મહત્વની ક્ષણોએ તન્વીની ભૂલોનો લાભ ઉઠાવ્યો. તન્વી સામે રક્ષિતાની આ ચોથી જીત રહી.

જોકે પુરુષ ડબલ્સમાં ભારતને નિરાશા મળી હતી. કૃષ્ણ પ્રસાદ ગરાગા અને પૃથ્વી કૃષ્ણમૂર્તિ રોયની જોડી મલેશિયાના માન વેઈ ચોંગ અને સોહ વૂઈ યિક સામે 7-21, 8-21થી પરાજય પામી ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ.

# બાંગ્લાદેશ પરત ફરવા અને 2027નો વર્લ્ડકપ રમવા માગે છે શાકીબ

**સુરક્ષા** મળે તો ટ્રાયલનો સામનો કરીશ, વિદાય શ્રેણી રમવા પણ તૈયાર

**હસીનાના** સમર્થનથી પીછેહઠ કરવાનો બાંગ્લાદેશના ઓલરાઉન્ડરનો ઇનકાર



નવી દિલ્હી, તા. 7: બાંગ્લાદેશના ઓલરાઉન્ડર શાકીબ અલ હસને કહ્યું છે કે જો સરકાર તેની સુરક્ષાની ખાતરી આપે તો તે બે વર્ષના નિર્વાસન બાદ વતન પરત ફરવા, પોતાના વિરુદ્ધ ચાલતા કેસોનો સામનો કરવા અને વિદાય શ્રેણી રમવા તૈયાર છે. પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની અવામી લીગના પૂર્વ સાંસદ રહેલા શાકીબ ઓગસ્ટ 2024માં સરકાર પલટાયા બાદથી અમેરિકામાં રહે છે.

39 વર્ષીય શાકીબે કહ્યું કે તે હજુ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્ત થયો નથી અને ઘરઆંગણે વિદાય શ્રેણી રમવાની સાથે 2027ના વન-ડે વર્લ્ડકપમાં પણ બાંગ્લાદેશ તરફથી રમવા માગે છે. તેણે કહ્યું કે, 'જો સરકાર સુરક્ષાની ખાતરી આપે તો હું બાંગ્લાદેશ પરત જઈશ, કોર્ટમાં હાજર રહીશ અને કાયદાકીય પ્રક્રિયાનો સામનો કરીશ. મેં કોઈ ગુનો કર્યો નથી.'

શાકીબે જણાવ્યું કે વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી હત્યાનો કેસ નોંધાયો ત્યારે તે કેનેડાના ટોરોન્ટોમાં મેચ રમી રહ્યો હતો. તેણે આ કેસને 'હાસ્યાસ્પદ' ગણાવ્યો હતો. શાકીબે દાવો કર્યો કે તપાસના નામે છેલ્લા દોઢ વર્ષથી તેના બેંક ખાતાં પણ સ્થગિત છે.

ઉલ્લેખનીય છે કે હસીનાએ ડિસેમ્બરમાં સ્વેચ્છાએ બાંગ્લાદેશ પરત ફરવાની યોજના હોવાનું જણાવ્યું છે. શાકીબે કહ્યું કે તે શક્ય હોય તો તરત જ વતન પરત ફરવા માગે છે, નહીં તો હસીના સાથે પરત ફરવાનો પ્રયાસ કરશે. શાકીબે કહ્યું, 'કેપ્ટન જે નિર્ણય લેશે તેનું અમે પાલન કરીશું.' દિલ્હીમાં હસીના સાથે વર્ચ્યુઅલ રીતે પ્રેસ કોન્ફરન્સમાં જોડાવાના પોતાના નિર્ણયનો પણ શાકીબે બચાવ કર્યો અને કહ્યું કે તેણે માત્ર શાંતિ અને બાંગ્લાદેશના વિકાસની વાત કરી હતી, તેથી તેને કોઈ પસ્તાવો નથી. આ કાર્યક્રમ બાદ બાંગ્લાદેશમાં આવેલા તેના ખાલી મકાન પર હુમલો કરવામાં આવ્યો હતો.

## અનુસંધાન... પાના પહેલાનું

### NEET પેપર...

ફરીને યાદ કરેલા પ્રશ્નો ચબરખીઓ પર લખતા હતા. ત્યારબાદ તેને વચેટિયાઓ અને કોચિંગ નેટવર્ક દ્વારા વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવતા હતા. NTAની ટોચની સત્તાધિકારીએ બે મહિના પહેલા જ ભાસ્કર સાથેની ખાસ વાતચીતમાં કહ્યું હતું કે, વર્ષોથી જે લોકો અમારી સાથે કામ કરી રહ્યા હતા, તેમણે જ પેપર લીક કરી દીધા. લીક કોણે-કોણે કર્યું અને કેવી રીતે કર્યું, તે તપાસ પછી ખબર પડશે. પરંતુ એવું લાગી રહ્યું છે કે, પ્રશ્નો ગોખીને લીક કરવામાં આવ્યા છે. NEET-UG 2026 પેપર લીક કેસમાં CBIની ચાર્જશીટ ડિજિટલ ફોરેન્સિક પુરાવાઓના પહાડ પર આધારિત છે, જેમાં પુણેની એક રેસિડેન્શિયલ સોસાયટીની એક્સેસ કંટ્રોલ એપનો પણ સમાવેશ થાય છે, જ્યાં NTAના કેમિસ્ટ્રી એક્સપર્ટ અને આરોપી પી. વી. કુલકર્ણી રહેતા હતા, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. ૨૮ જુલાઈના રોજ અહીં એક વિશેષ CBI કોર્ટ સમક્ષ ૧૩ આરોપીઓ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી તેની ચાર્જશીટમાં, એજન્સીએ કુલકર્ણીની સોસાયટીની એપમાંથી એકત્રિત કરવામાં આવેલા રેકોર્ડ્સ ટાંક્યા છે, જેમાં તેમના દ્વારા લેવામાં આવતા સ્પેશિયલ કોચિંગ ક્લાસ માટે આવતા વિદ્યાર્થીઓના બાયોમેટ્રિક્સ પણ સામેલ છે.

CBIની ચાર્જશીટના કેન્દ્રમાં નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ની પેનલના પુણે સ્થિત ત્રણ વિષયના નિષ્ણાતો છે - કેમિસ્ટ્રી (રસાયણશાસ્ત્ર) માટે કુલકર્ણી, ઝૂઓલોજી (પ્રાણીશાસ્ત્ર) અને બોટની (વનસ્પતિશાસ્ત્ર) માટે મનીષા ગુરુનાથ માંઢરે, અને ફિઝિક્સ (ભૌતિકશાસ્ત્ર) માટે મનીષા સંજય હવાલેદાર - જેમણે કથિત રીતે મોટી નાણાકીય લેવડદેવડ માટે ગુપ્ત પ્રશ્નો લીક કરવા NTAની પ્રક્રિયાગત ગંભીર ખામીઓનો દુરુપયોગ કર્યો હતો.

### ભારે ધાંધલ...

ગૃહની બેઠક મળશે. વિપક્ષી સભ્યો દ્વારા ગૃહમાં ગૃહમંત્રી અમિત શાહની હાજરીની માંગ સાથે કરવામાં આવેલા સતત હોબાળાને કારણે રાજ્યસભાની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી. જેવા બપોરે ૧૨ વાગ્યે ગૃહના સભ્યો મળ્યા, કે તરત જ અધ્યક્ષ સી. પી. રાધાકૃષ્ણને પ્રશ્નકાળ શરૂ કરતાં જ ભારે હોબાળો મચી ગયો હતો. વિપક્ષી પક્ષના સભ્યોએ સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા અને અયોધ્યામાં રામ મંદિરના દાનની કથિત ચોરીનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. અધ્યક્ષે ભારે ઘોંઘાટ વચ્ચે પણ દિવસની નિર્ધારિત કામગીરી ચાલુ રાખી હતી. સત્તાધારી પક્ષના સભ્યોએ વિપક્ષના સતત વિક્ષેપ સામે વિરોધ નોંધાવ્યો હતો. જો કે ગૃહમાં હોબાળો ચાલુ રહેતા અધ્યક્ષે સોમવાર સુધી ગૃહની કાર્યવાહી સ્થગિત કરી દીધી હતી.

### ભારતનો 67...

કે કેવી રીતે ટૂંકા ગાળામાં ભારતની એલપીજી મેળવવાની પદ્ધતિ બદલાઈ ગઈ છે. ભારત ભલે અનેક દેશો પાસેથી ક્રૂડ ઓઈલ અને એલપીજી ખરીદવાનું ચાલુ રાખતું હોય, પરંતુ હવે અમેરિકા એલપીજી આયાતમાં સૌથી મોટું સપ્લાયર બની ગયું છે. ભારત તેની ઊર્જા જરૂરિયાતોનો મોટો હિસ્સો પૂરો કરવા માટે આયાત પર નિર્ભર છે, જેમાં એલપીજીનો પણ સમાવેશ થાય છે, જે ઘરોમાં રસોઈ માટે વ્યાપકપણે ઉપયોગમાં લેવાય છે. સપ્લાયર્સનું વૈવિધ્યકરણ અવારનવાર ઊર્જા સુરક્ષાને મજબૂત કરવા અને કોઈ એક ક્ષેત્ર પર વધુ પડતા નિર્ભર રહેવા સાથે સંકળાયેલા જોખમોને ઘટાડવાના માર્ગ તરીકે જોવામાં આવે છે.

### કોંગ્રેસનો પોતાના...

સોમવાર, મંગળવાર અને બુધવાર એટલે કે ૧૦, ૧૧ અને ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ રાજ્યસભામાં ચર્ચા માટે ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દાઓ હાથ ધરવામાં આવશે. રમેશે જણાવ્યું હતું કે, રાજ્યસભામાં કોંગ્રેસ પક્ષના તમામ સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ સોમવાર, મંગળવાર અને બુધવાર એટલે કે ૧૦, ૧૧ અને ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી ગૃહની કાર્યવાહી સ્થગિત થાય ત્યાં સુધી ગૃહમાં અચૂક હાજર રહે અને પક્ષના વલણને ટેકો આપે. આને અત્યંત મહત્વપૂર્ણ ગણવામાં આવે." લોકસભામાં પણ કોંગ્રેસના મુખ્ય વ્હીપ કે. સુરેશ દ્વારા પક્ષના સભ્યો માટે આવો જ સમાન વ્હીપ જાહેર કરવામાં આવ્યો હતો.

### પાકિસ્તાન, સાઉદી...

આયોજિત 'સંયુક્ત સંરક્ષણ માટેની મક્કા અલ-મુકર્રમાહ સમિટ' બાદ પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફ, સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. 'મક્કા જોઈન્ટ ડિફેન્સ એગ્રીમેન્ટ'નો હેતુ કોઈપણ આક્રમક પ્રવૃત્તિ સામે સામૂહિક પ્રતિરોધને મજબૂત કરવાનો છે, અને તે જોગવાઈ કરે છે કે ત્રણેય દેશોમાંથી કોઈપણ એક દેશ પર સશસ્ત્ર હુમલો થશે તો તેને ત્રણેય પરનો હુમલો ગણવામાં આવશે તેમ નિવેદનમાં જણાવાયું હતું. નિવેદનમાં વધુમાં જણાવાયું છે કે, આ કરાર ત્રણેય દેશો વચ્ચે સંરક્ષણ સહયોગના તમામ પાસાઓને વધારવાની જોગવાઈ પણ પૂરી પાડે છે. આ કરાર ત્રણેય દેશોની સામૂહિક સુરક્ષાને વધુ મજબૂત કરવા અને સુરક્ષિત તથા સમૃદ્ધ ભવિષ્યની શોધમાં પ્રદેશ અને તેની બહાર શાંતિ, સુરક્ષા અને સ્થિરતાને પ્રોત્સાહન આપવા માટેની સહિયારી પ્રતિબદ્ધતા દર્શાવે છે, તેમ નિવેદનમાં કહેવામાં આવ્યું છે. આ કરાર પરમાણુ શસ્ત્રો ધરાવતા એકમાત્ર મુસ્લિમ દેશ પાકિસ્તાન, ઈસ્લામના સૌથી પવિત્ર સ્થળોના ઘર અને વિશ્વના ટોચના તેલ નિકાસકારોમાંના એક એવા સાઉદી અરેબિયા, તથા નાટોના સભ્ય દેશ તુર્કીને એકસાથે બાંધે છે. આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે પશ્ચિમ એશિયાનો સંઘર્ષ રાતા સમુદ્ર અને બાબ અલ-મંદેબની ખાડી સહિતના બહુવિધ મોરચાઓ પર વિસ્તર્યો છે, જેના કારણે અખાતી દેશોને પ્રાદેશિક સુરક્ષા સમન્વય મજબૂત કરવાની ફરજ પડી છે. શરીફે એપ્રિલમાં સાઉદી અરેબિયાની મુલાકાત લીધી હતી, જે દરમિયાન તેમણે કિંગડમના ટોચના નેતૃત્વ સાથે વાતચીત કરી હતી.

### જન્મથી નાગરિકતાના...

ઉદ્દેશ્યથી લેવાયું છે. પ્રમુખે જણાવ્યું હતું કે, જન્મજાત અધિકાર અંગે સુપ્રીમ કોર્ટમાં ખૂબ જ કમનસીબ નિર્ણય આવ્યો હતો... તેથી અમે જરૂરી ફેરફારો કરી રહ્યા છીએ. તેમની સાથે વ્હાઈટ હાઉસના ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ સ્ટીફન મિલર, કોમર્સ સેક્રેટરી હોવર્ડ લુટનિક, યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમીસન ગ્રીર અને વ્હાઈટ હાઉસના સ્ટાફ સેક્રેટરી વિલ શાર્ફ હાજર હતા. 9 જુલાઈ, 1868ના રોજ બહાલી આપવામાં આવેલા યુએસ બંધારણના 14મા સુધારાએ ભૂતપૂર્વ ગુલામો સહિત અમેરિકામાં જન્મેલા અથવા કુદરતી રીતે નાગરિકતા મેળવનાર તમામ વ્યક્તિઓને નાગરિકતા પ્રદાન કરી હતી.

### પેપર સેટરો...

ચોરીછૂપીથી બહાર લઈ જતા હતા. તેઓ સરળ પ્રશ્નો યાદ રાખી લેતા હતા અને હોટલ પર પાછા ફરીને દરરોજ તેને ફરીથી લખતા હતા. એજન્સીના આરોપ મુજબ, હવાલેદાર અને વાઘમારે તેમની યાદશક્તિ પર વધુ નિર્ભર હતા. તેઓ હોટલના રૂમમાં પાછા ફર્યા પછી તેમના વિષયના પુસ્તકો પર પ્રશ્નો લખતા અને માર્ક કરતા હતા.

### આ કરાર કરવાથી...

પરનો કરાર તેમને સુરક્ષા નહીં અપાવી શકે, જેવી રીતે અમેરિકનો દ્વારા વર્ષો સુધી કરવામાં આવેલા 'એકતરફી દોહન' છતાં તેમને સુરક્ષા મળી ન હતી. તમારી નીતિઓ બદલો જેથી તમારે અન્યો પાસે સુરક્ષા માટે ભીખ ન માંગવી પડે એમ તેમણે કહ્યું હતું.

### હવે મેટા સાથે...

ઓળખવી અને લેબલ કરવી ફરજિયાત હોવા છતાં, પ્લેટફોર્મ પર લેબલ વગરના એઆઈ-જનરેટેડ વીડિયો કેમ દેખાતા રહે છે, તે અંગે પણ સરકારે મેટાને સવાલ કર્યા હતા.

સરકારે મેટાને વિનંતી કરી છે કે સામગ્રીની દેખરેખમાં માનવીય દેખરેખ વધારવામાં આવે, તેમજ ભારતીય ભાષાઓ અને સ્થાનિક બાબતોની વધુ સારી સમજ અને જાગૃતિ કેળવવામાં આવે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી સપ્તાહમાં વધુ એક બેઠક યોજાય તેવી શક્યતા છે. આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે મેટાની ગ્લોબલ અફેર્સ હેડ જોએલ કેપ્લાનની આગેવાની હેઠળની ટીમ સમક્ષ કન્ટેન્ટ રેકમેન્ડેશન અલ્ગોરિધમ્સ અને સ્થાનિક કાયદાઓના પાલન અંગે બે દિવસ સુધી પ્રશ્નો પૂછ્યા હતા. ત્યારબાદ ત્રીજા દિવસની ચર્ચા "ટેકનિકલ" રહી હતી. જેમાં સરકારની ચિંતાઓને દૂર કરવા માટે કંપની દ્વારા પ્રસ્તાવિત પગલાંઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.

### વૈશ્વિક ખાદ્ય પદાર્થોના...

ધોરણે 3.4% નો વધારો થયો છે, જેમાં વૈશ્વિક ઘઉંના ખર્ચમાં 5.8% નો વધારો સામેલ છે. રશિયા અને યુક્રેન વચ્ચેના તીવ્ર હુમલાઓ પછી કાળા સમુદ્રના નિકાસ પ્રવાહમાં સતત વિક્ષેપો અને નિકાસ માળખાને નુકસાનને કારણે ભાવમાં વધારો થયો છે. જૂન મહિનામાં યુરોપમાં ફેલાયેલી ભયંકર ગરમીથી કાર્બન ઉત્સર્જનને કારણે અનાજ ખેડૂતોને ઘઉં, જવ, મકાઈ અને ઓટ્સ જેવા 9 મિલિયન ટન પાકનો નાશ કરવાની ફરજ પડી હોવાનો અંદાજ છે. જુલાઈમાં ખાંડના ભાવમાં 5.6%નો વધારો થયો હતો, જે FAO એ હવામાનની ચિંતા અને બ્રાઝિલમાં ગેસોલિનમાં ઉમેરી શકાય તેવા ઈથેનોલની માત્રામાં વધારો કરવાના નવા નિયમોને કારણે મૂક્યો હતો,

## આજનું પંચાંગ

**તા. 08/08/2026, શનિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અષાઢ
**તિથિ:** વદ : દસમ : 14:00
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ: 17
**યોગ :** ધ્રુવ **કરણ:** બવ
**નક્ષત્ર :** રોહિણી 16:52
**રાશિ:** વૃષભ(બ,વ,ઊ)27:50 પછી મિથુન(ક.છ.ઘ.)
**દિવસ :** મિશ્ર
**સુરતમાં સૂર્યોદય :** 06:16 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:12
**નવકારસી :** 07:04
**પારસી વર્ષ :** 1395 સ્પેન્દારમદ માસનો 29મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો 24મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુકાળ:** સવારે : 09:30 થી 11:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** આવક વધારવાની ઉતાવળમાં ખોટા નિર્ણય અને રોકાણથી બચવું પડશે. કામનો બોજ વધે. વાણી પર કાબૂ.

**વૃષભ (બ,વ,ઉ,):** અચાનક કોઇ સમસ્યાનું સમાધાન થઇ શકે છે. સમાજમાં માન વધે તેવું રચનાત્મક પ્રવૃત્તિ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** ઉતાવળમાં ભુલ થવાની શક્યતા પડવા-વાગવાથી સાવધાન રહેવું. સામાજિક સમસ્યા સતાવે. ખર્ચા વધે.

**કર્ક (ડ,હ,):** ભાગ્યનો સાથ મળે. જીવન સાથીનો સહકાર સામાજિક કામમાં મળે. પ્રેમમાં ગેર સમજ થાય. મિત્રો સાથે વિવાદ થાય.

**સિંહ (મ,ટ,):** નોકરીમાં વિવાદ ટાળવો. ધંધામાં નવી યોજના બંને. સમાજ જીવનમાં સાવધાન રહેવું. આવક વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** જીવનસાથીના કામમાં મદદ રૂપ બનશો. શુભ કામમાં મદદ મળે. ઉચ્ચ શિક્ષણમાં મદદ મળે.

**તુલા (ર,ત,):** ગુપ્તભય સતાવે. શત્રુઓથી સાવધાન સરકારી નોકરીમાં સાવધાની રાખવી. આગ-અકસ્માતથી બચવું.

**વૃશ્ચિક (ન,ય,):** નવી યોજના બને. સામાજિક કામ થાય. નોકરીમાં નવી તક ઊભી થાય. રોજના કામમાં ઘર્ષણથી અશાંતિ સતાવે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** માતા અને મોસાળ પક્ષનો સાથ મળે. નોકરીમાં હરીફો સતાવે. આરોગ્ય નરમ રહે. સરકારી યોજનાનો લાભ મળે.

**મકર (ખ,જ,):** મન અશાંત અને ચંચળ રહે. મનોરંજન પાછળ ખર્ચા વધશે. વિદ્યાર્થીઓને નવુ શિખવા મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** સ્થાઇ સંપતિ લે-વેચના લાભ થાય. બહારના કામમાં મદદ મળે. ઘરમાં નવા ફેરફાર થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** મિત્રો સાતે પાર્ટી-પિકનીકની યોજના બને. સ્વાદિષ્ટ ભોજનમાં લાભ મળે. શુભ સમાચાર મળે.

## કોઈ પણ સાલમાં 08 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. ચડતી-પડતીની સાથે નવી તકો અને ટેકનોલોજીથી લાભ થાય. આર્થિક પ્રગતિ અને ઉઘરાણીથી નવા રોકાણ સરળ બને. સમાજમાં માન વધે. સંતાનોના કેરીયર અભ્યાસમાં પ્રગતિ થાય. પ્રેમવિવાહની યોજનામાં સફળતા મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદથી અટકેલા કામ પાર પડે. વિદેશનાં કામ પાર પડે. વિદેશમાં અભ્યાસની યોજનામાં વિદ્યાર્થીઓને મદદ મળે તથા પરીક્ષામાં તક મળે. આરોગ્ય સામાન્ય રહે. નવા ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતમાં સફળતા મળે. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં કાયદાકીય મદદ મળે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. સરકારી નોકરીની યોજનામાં પ્રગતિ થાય. યાત્રા પ્રવાસ ધર્મ, કર્મ થાય. ડિસેમ્બર જાન્યુઆરી, ફેબ્રુઆરી, શુક્ર, શનિવાર, 08, 17, 26 તારીખે નવા કામ કરવો. માર્ચ એપ્રિલ, બુધવાર 07, 16, 25 તારીખે નવા કામ ટાળવો. સોનેરી રંગનો ઉપયોગ ટાળવો. કાળા અને નીલા રંગનો ઉપયોગ વધારવો શનિવારના ઉપાયો કરતા રહેવું.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | ૮ | | ૧ | | ૪ | ૬ | ૩ |
| | ૨ | | ૮ | | | | | |
| | ૫ | | | ૪ | | ૮ | | ૨ |
| ૫ | ૭ | ૯ | | ૩ | | | | |
| | | ૨ | | | | | | ૬ |
| ૧ | | ૪ | | | | ૭ | | ૯ |
| ૨ | ૪ | | | | | ૬ | ૯ | ૭ |
| ૯ | ૧ | ૬ | ૪ | | ૭ | ૩ | ૮ | |
| ૮ | | ૭ | | | ૫ | ૨ | | ૪ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### સ્ત્રીઓને ઉનવા

ચમચી ખાટી આમલી 50 ગ્રામ પાણીમાં ભીંજવી ચોળીને રસ કાઢો. તેમાં સાકર નાંખી પીવાથી રાહત થાય.